ઉમવી અને અબ્બાસી સ્થાપત્ય અને નિર્માણ-કળા

ઉમવી શાસન-કાળનું સ્થાપત્ય અને ઈમારતો :

ઉમવી શાસન-કાળથી પહેલા સાદગીભરી ઈમારતો બનાવવામાં આવતી હતી. ઉમવી શાસન-કાળમાં ઈરાની અને રોમન સંસ્કૃતિઓની સાથે સંપર્ક સ્થાપિત થયો, તો ઉત્કૃષ્ટ ઈમારતોના નિર્માણ કરવા તરફ ધ્યાન આપવામાં આવ્યું. સ્વાભાવિક જ આ ભવ્યતા અને ઉત્કૃષ્ટતાની પહેલી કૃતિ ભવ્ય મસ્જિદોના નિર્માણના સ્વરૂપમાં બની. અમીર મુઆવિયા ﵁ ના શાસન-કાળમાં કૂફાની છાવણીનું બાંધકામ થયું, તો તેના વચ્ચો-વચ્ચ એક ભવ્ય મસ્જિદ બનાવવામાં આવી. આ ઉપરાંત, ઉમવી શાસન-કાળના સ્થાપત્યો નીચે મુજબ છે :–

મસ્જિદે કુબતુસ્-સખરા : અબ્દુલ મલિકના શાસન-કાળમાં ઈસ્લામી સ્થાપત્ય-કળામાં વધુ પ્રગતિ થઈ. કુબતુસ્-સખરા નિર્માણ-કળા અને સુંદરતાની રીતે એ કાળની મુખ્ય ઈમારતોમાંથી છે. 'સુખરા' પહાડનું એ શિખર છે, જ્યાંથી મે'રાજની રાત્રે હુઝૂર અકરમ ﷺ આકાશ તરફ રવાના થયા. અબ્દુલ મલિકે આ સ્થળે ગુંબદનું નિર્માણ કરાવડાવ્યું. કળા-કારીગરીની પરાકાષ્ઠા અને સુંદરતા, ફૂલોની ડિઝાઈન, નકશીકામ, આકર્ષકતા, મનમોહકતા અને મજબૂતીની રીતે આ ઈસ્લામી સ્થાપત્યની ભવ્ય કૃતિ છે. આ નિર્માણમાં થોડોક કાચો માલ અને કીમતી પથ્થરો પ્રાચીન ખંડેરોથી પણ લેવામાં આવ્યા હતા, જેનાથી અનુમાન થાય છે કે અહીંથી ઈસ્લામી સ્થાપત્ય-કળાનો એક નવીન યુગ શરૂ થયો, જેમાં ફૂલોની ડિઝાઈન, નકશીકામ અને પેટર્ન્સનું વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું.

બસરાની મસ્જિદ :

પછી બસરાની મસ્જિદોનું નવ-નિર્માણ થયું. તેના માટે સાસાની આર્કિટેક્ટ (સ્થપતિ)ની સેવાઓ પ્રાપ્ત કરવામાં આવી. આ બંને ઈમારતોમાં સાસાની શૈલીના સ્તંભો બનાવવામાં આવ્યા, વધુમાં બસરાની મસ્જિદમાં પહેલી વાર એક મિનારનું નિર્માણ કરવામાં આવ્યું, જે પાછળથી ઈસ્લામી સ્થાપત્ય-કળાનું વિશિષ્ઠ પ્રતિક ઠર્યું. અમીર મુઆવિયા ﵁ના જમાનામાં જિઝર મહેલના નિર્માણથી રહેવાના મહેલોના નિર્માણનો નવો ક્રમ શરૂ થયો.

દમાસ્કસની જામેઅ મસ્જિદ : આ ઈસ્લામી સ્થાપત્ય-કળાની એક ઉત્કૃષ્ટ કૃતિ છે. આને વલીદ બિન અબ્દુલ મલિકે હિજરી ૮૮ થી ૯૬ દરમ્યાન બનાવડાવી હતી. દમાસ્કસની જામેઅ મસ્જિદ પર લખલૂટ નાણાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. તમામ દીવાલો સંગેમરમર અને રત્નાલંકારોથી સુશોભિત કરવામાં આવી. આ મસ્જિદ પોતાના સુશોભન, સજાવટ અને સુંદરતામાં અદભુત હતી.

ઉમવીઓના મહેલો : ધાર્મિક ઈમારતો ઉપરાંત, સ્થાપત્યના મેદાનમાં ઉમવીઓની અન્ય યાદગારો પણ છે, જેમ કે રણ-મહેલો (Desert Palaces), જેમાં શાહી પરિવારોના લોકો આવીને રહેતા હતા. આ મહેલોમાં

www.uzairfalahi.com

ખિઝર મહેલ અને ઉમૈરા મહેલ વગેરે ખૂબ પ્રસિદ્ધ છે. આ પ્રકારના રણ-મહેલોના ખંડેરો આજે પણ જોવા મળે છે.

બનૂ ઉમૈયાના ખલીફાઓમાં વલીદ બિન અબ્દુલ મલિકનો કાળ સ્થાપત્ય માટે ખૂબ મશહૂર છે. આ કાળમાં બીજી સંસ્કૃતિઓથી સંપર્કો વધી ગયા હતા અને દુનિયાની શોભાને અપનાવવામાં આવવા લાગી, જેને ઈસ્લામે હરામ (અવૈધ) નથી કરી. સાથે-સાથે મુસલમાનો આખિરતની શોભાથી પણ ગાફેલ ન રહ્યા, બલ્કે દીની (ધાર્મિક) મામલાઓની વિશેષ કાળજી રાખતા હતા.

અબ્બાસી શાસન-કાળનું સ્થાપત્ય અને ઈમારતો :

અબ્બાસી શાસન-કાળમાં જુદી-જુદી સંસ્કૃતિઓથી સંપર્કો ખૂબ વધી ગયા હતા, તેથી સ્થાપત્ય અને ફૂલોની ડિઝાઈનનો ઉપયોગ પણ વધી ગયો હતો. આ જમાનામાં વિશેષરૂપે મહેલોનું નિર્માણ થયું અને જુદા-જુદા શહેરોને વસાવવામાં આવ્યા.

બગદાદનું નિર્માણ : ખલીફા મન્સૂરનું એક મહાન કાર્ય બગદાદનું નિર્માણ છે.ખુલફાએ રાશિદીનની રાજધાની મદીના હતી અને બની ઉમૈયાની દમાસ્કસ. મન્સૂરે બની અબ્બાસની રાજધાની બનાવવા માટે દજલા (Tirgis) નદીના કિનારે એક નવું શહેર વસાવ્યું, જે બગદાદના નામથી મશહૂર થયું. ખલીફા મન્સૂરે આ શહેરને આબાદ કરતાં પહેલા જમીન પર આનો નક્શો બનાવડાવ્યો. બગદાદ શહેરનો નક્શો વર્તુળાકાર હતો. આમાં પ્રવેશ માટે ચાર મુખ્ય રસ્તાઓ હતા. આ શહેરના નિર્માણનું કામ હિજરી ૧૪૫ થી ૧૪૮ સુધી ચાલુ રહ્યું. આ શહેરના બે બાહ્ય કિલ્લાઓ હતા. અંદરનો કિલ્લો ખૂબ જ પહોળો અને ઊંચો હતો. શહેરના બહારના કિલ્લાની ચારે તરફ છ મીટર પહોળી ખાઈ હતી.

શહેરના મધ્યમાં મન્સૂરનો મહેલ હતો. આને સોનાનો મહેલ કહેવામાં આવતો હતો. એ ખૂબ આલીશાન મહેલ હતો. આવો મહેલ મુસલમાનોએ આનાથી પહેલાં જોયો ન હતો. મહેલને અડીને મસ્જિદ હતી. મહેલની ચારે તરફ ગવર્નરોના મકાનો અને સરકારી ઈમારતો હતી. ચારેય મુખ્ય રસ્તાઓની વચ્ચે પ્રજાના રહેઠાણો હતા. આ શહેરના આઠ લોખંડી દરવાજાઓ હતા.

આગળ ચાલીને બગદાદે એવો વિકાસ કર્યો કે તે દુનિયાનું સૌથી મોટું શહેર બની ગયું. આની વસ્તી તે વખતે જ વીસ લાખથી વધારે થઈ ગઈ હતી. કહેવામાં આવે છે કે વિકાસની ચરમસીમાના જમાનામાં બગદાદમાં સિત્તેર હજાર બાથરૂમો, તેનાથી વધારે મસ્જિદો હતી અને દસ હજાર સડકો અને મહોલ્લાઓ હતા.

સામરાનું નિર્માણ : આને 'سُرَّ مَّن رَاَى' (જે જુએ મોહી જાય)ના નામથી ઓળખવામાં આવતું હતું. શહેર વસાવતાં પહેલા આ ખ્રિસ્તીઓનું ઉપાસના-ગૃહ હતું, જેને પાછળથી ખલીફા મુ'અતસિમે ખરીદી લીધું.

www.uzairfalahi.com

ખલીફાએ બગદાદના ઉત્તરમાં આશરે ૭૫ માઈલ દૂર દજલાના કિનારે આ શહેરને વસાવ્યું અને તેને રાજધાની બનાવ્યું. આ શહેરે ખૂબ વિકાસ કર્યો અને પોતાની ભવ્ય ઈમારતો અને સુંદરતામાં બગદાદની સ્પર્ધા કરવા લાગ્યું.

ઈસ્લામી સ્થાપત્ય કળાના પ્રકરણમાં આ શહેરનું ખૂબ મહત્ત્વ છે, કેમ કે નિર્માણ-કળા આ જમાનામાં ખૂબ વિકસિત થઈ ચૂકી હતી. શહેરોને આયોજનબદ્ધ રીતે વસાવવામાં આવી રહ્યા હતા. સાદગીની જગ્યાએ ફૂલોની ડિઝાઈન અને નક્શ-નિગારે લઈ લીધી હતી. ઈમારતોના નિર્માણમાં અપવ્યય કરવામાં આવી રહ્યો હતો, જે ઈસ્લામી શિક્ષાઓના વિરુદ્ધ હતું.

સામરાની જામેઅ મસ્જિદ : આ ઈસ્લામી જગતની પ્રાચીન મસ્જિદોમાં સૌથી મોટી મસ્જિદ છે. આનું ક્ષેત્રફળ અતિશયોક્તિ વગર કહીએ તો મિસર (ઈજિપ્ત)ની તોલોની મસ્જિદથી દોઢ ગણું હતું. આના નિર્માણની શરૂઆત ખલીફા મુ'અતસિમના શાસન-કાળમાં થઈ અને ખલીફા મુતવક્કિલના શાસન-કાળમાં પૂર્ણતાએ પહોંચ્યું. આનો આકાર સમચતુષ્કોણ છે. આની લંબાઈ ૨૬૦ મીટર અને પહોળાઈ ૧૮૦ મીટર છે. એક લાખથી વધારે લોકો આમાં નમાઝ પઢી શકતા હતા. આ મસ્જિદનો મિનાર, જેની ઊંચાઈ ૧૭૫ ફૂટ છે, પોતાની અદ્‌ભુત નિર્માણ-શૈલીના કારણે એક વિશિષ્ઠ હેસિયત રાખે છે.

મદીનતુલ અલ-કતાઈ (અલ-કતાઈ શહેર)નું નિર્માણ : અહમદ બિન તોલોને સામરા શહેરની શૈલી પર મિસરમાં આનું નિર્માણ કરાવ્યું અસ્કર શહેરના ઉત્તર-પૂર્વમાં. (અસ્કર શહેરને અબ્બાસીઓએ ફુસ્તાત શહેરના નજીક વસાવ્યું હતું.) એક વિશાળ જગ્યાની પસંદગી કરવામાં આવી. ઈબ્ને તોલોને હિજરી ૨૫૬ માં એક ભવ્ય મહેલ બનાવ્યો. આના સામે એક વિશાળ મેદાન બનાવ્યું, જેમાં તે કસરત કરતો હતો. પાછળથી તેણે પ્રજાને મકાનો બનાવવાની પરવાનગી આપી દીધી, જેના કારણે અસ્કર શહેર અને ફુસ્તાત શહેર પાસે-પાસે થઈ ગયા. આ શહેરની વચ્ચે પહાડીઓનો એક ક્રમ છે, જેને 'કોહે બક્શર'ના નામથી ઓળખવામાં આવતો હતો. આના પર જ ઈબ્ને તોલોને ખૂબ મોટી મસ્જિદ બનાવડાવી. આ શહેરમાં બજારો, બાથરૂમો અને આટો દળવાની ચક્કીઓ હતી. ઈબ્ને તોલોને પુલ બનાવડાવ્યો, જેને આજે 'ઈમામ પુલ'ના નામથી ઓળખવામાં આવે છે.

ઈબ્ને તોલોને જે મહેલ બનાવ્યો હતો તે આપણી કલ્પનાથી પર છે. તેના નિર્માણમાં લખલૂટ પૈસા ખર્ચવામાં આવ્યા હતા. ઈબ્ને તોલોનના અવસાન પછી તેના પુત્ર ખુમારવિઆએ આ મહેલના નિર્માણમાં અત્યંત અપવ્યવ કર્યો, જેના કારણે તેની આર્થિક સ્થિતિ ખૂબ જ કથળી ગઈ અને આ જ બાબત તેના શાસનના પતનનું કારણ બની.

મસ્જિદ ઈબ્ને તોલોન : આ મસ્જિદને ઈબ્ને તોલોને અલ-કતાઈ શહેરમાં બનાવી, જે કોહે-બક્શરના પહાડી

www.uzairfalahi.com

ક્રમ પર સ્થિત છે. મસ્જિદ એ મેદાનને અડીને આવેલી છે, જે તેણે પોતાના મહેલની સામે બનાવ્યું હતું. એટલા માટે તેનું નામ 'મેદાનવાળી મસ્જિદ' પણ છે. મસ્જિદની વચ્ચે ખુલ્લો ચોક બનેલો છે.

અબ્બાસીઓના મહેલો : અબ્બાસીઓએ ખૂબ ભવ્ય મહેલો બનાવ્યા, જેમ કે સામરામાં મુ'અતસિમનો મહેલ, મામૂનનો મહેલ અને તે ઉપરાંત પણ અસંખ્ય મહેલો છે.

આમ, આપણને ખ્યાલ આવે છે કે અબ્બાસી શાસન-કાળમાં સ્થાપત્ય અને નિર્માણ કળા બીજી સંસ્કૃતિઓથી પ્રભાવિત હતી. વિશેષરૂપે નક્શ-નિગાર અને ફૂલોની ડિઝાઈનોનું ખૂબ ધ્યાન રાખવામાં આવ્યું અને આલીશાન મહેલોનું નિર્માણ કરવામાં ખૂબ જ અપવ્યવ કરવામાં આવ્યો, જે ઇસ્લામી ભાવનાના તદ્દન વિરુદ્ધ છે.

www.uzairfalahi.com